RIGHT TO
INFORMATION

અપીલ અરજી નં.૪૬૩ તા.૧૨–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદ
સામાવાળાઃ– ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદની તા. ૧૧–૧૧–૧૧ની અરજી થી ૧૨/૯૩૩,૩૪,૩૫ પર થઈ રહેલ આર.સી.સી.નો બાંધકામ થઈ રહેલ છે તેની બાંધકામની મંજુરીની નકલો,લે–આઉટ પ્લાનની નકલો, જે જગ્યા પર બાંધકામ થઈ રહેલ છે તે જગ્યા પર આવી પહેલા પાર્કિંગ થતી હતી ? સરકારી જગ્યા છે કે ખાનગી ? જેની લેખિતમાં માહિતીની નકલો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૬૩/૨૦૧૧–૧૨

શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી ૧૨ / ૯૩૩,૩૪,૩૫ પર થઈ રહેલ આર.સી.સી.નો બાંધકામ થઈ રહેલ છે તેની બાંધકામની મંજુરીની નકલો, લે–આઉટ પ્લાનની નકલો, જે જગ્યા પર બાંધકામ થઈ રહેલ છે તે જગ્યા પર આવી પહેલા પાર્કિંગ થતી હતી ? સરકારી જગ્યા છે કે ખાનગી ? જેની લેખિતમાં માહિતીની નકલો આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈપણ જાતનો લેખિતમાં જવાબ આપવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૨૮૮ તા.૨૦–૧૨–૧૧ થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારાજગી અંગે આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારે વિષયમાં જણાવેલ માહિતી ઉપરાંત તેના બાંધકામની પરવાનગી માટે મુકેલ બધા દસ્તાવેજોની નકલ તથા તેના સર્વે નંબરો અને આ સંબંધમાં અગાઉ અન્ય આરટીઆઈ હેઠળ અરજીઓ કરેલ હોય તો તેની નકલો માંગેલ.

અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત નિર્દિષ્ટ વિષય બાબત હેઠળનીઅરજી સેન્ટ્રલ ઝોન માં કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય મર્યાદામાં લેખિતમાં કોઈ માહિતી કે જવાબ આપવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને અરજદારને અત્રેથી પૂરક માહિતીની વિગતો સ્પષ્ટતાસહ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈપણ પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાયેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારે માંગેલ માહિતિ પૈકી અન્ય અરજદારે કરેલ અરજીઓની નકલો કાયદાની કલમ–૮(૧) (એચ) તથા (આઈ) હેઠળ વ્યકિતની શારીરીક સલામતિ કે જીવન જોખમાય તેવી તથા માહિતિ આપનારનું સ્ત્રોત જાહેર કરે તેવી તેમજ વ્યકિતગત માહિતિના અપવાદ હેઠળ સમાવિષ્ટ છે. વધુમાં કલમ–૧૧ ત્રાહિતની કક્ષામાં પણ આવે જેથી તે અંગેની અરજદારની માંગણી કાયદાથી સુસંગત નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોઈ માંગેલ માહિતી પૈકી અન્ય ઈસમો ધ્વારા કરેલ આરટીઆઈ હેઠળની અરજીની નકલો સિવાયની માંગેલ સઘળી માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદ